



સંતભગવંત સાહેબજીની

# છે માહાત્મ્યસભર વાણી સદા...

**વચનામૃત ગઢડા પ્રથમ પ્રકરણ ૮ : 'ઇન્દ્રિયોની ક્રિયાને ભગવાન અને સંતની સેવામાં રાખ્યાનું'નું નિરૂપણ, ૨૪ એપ્રિલ ૨૦૧૯, તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી**

**પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, "ઇન્દ્રિયોની જે ક્રિયા છે તેને જો શ્રીકૃષ્ણ ભગવાન અને તેના ભક્તની સેવાને વિષે રાખે તો અંતઃકરણ શુદ્ધ થાય છે અને અનંત કાળનાં જે પાપ જીવને વળગ્યાં છે તેનો નાશ થઈ જાય છે."**

જોયું ? આપણે શું કરવા આવ્યા છીએ ? મંદિરનું કામ કરવા ? ના. અંતઃકરણને શુદ્ધ કરવા આવ્યા છીએ. આપણે કોઈને પૂછીએ કે, 'સુરત કેમ ગયા છો?' તો શું કહે ? 'પૈસા કમાવા.' લોકો ઈંગ્લૅન્ડ–અમૅરિકા કેમ જાય છે ? તો પૈસા કમાવા. પૈસા મળે તો જીવન સુખ–સુવિધાવાળું થાય, સારું રહેવાનું મળે, ગાડી મળે, ગરમી હોય તો ઍરકન્ડિશન મશીન મળે તો કમ્ફર્ટ રહે, પણ સાચું સુખ તો ઇન્દ્રિયો–અંતઃકરણ ચોખ્ખાં થાય તો મળે.

પાણીનો પ્યાલો તમે બહારથી ઘસીઘસીને ગમે એટલો ચોખ્ખો બનાવો, પણ અંદર પાણીમાં કચરો હોય તો તમે પાણી પીવો ? પ્યાલાને પહેલાં બહારથી જુઓ ને તે ચોખ્ખો હોય તો તેને હાથમાં લો, પણ હાથમાં લીધા પછી અંદર કચરો જુઓ તો પાણી ઢોળી દો. એમ સમૃદ્ધિ, બહારની ચોખ્ખાઈ, નિયમ–ધર્મ ને બધું બહારનું છે, પણ અંદરથી જ્યાં સુધી શુદ્ધિકરણ ના થાય ત્યાં સુધી સાચું સુખ આવે નહીં. બહારની ચોખ્ખાઈની જરૂર છે જ, આપણે પ્યાલો ચોખ્ખો જ પસંદ કરીએ; પણ વિશેષ જે અંદર છે, એ ચોખ્ખું હોવું જોઈએ. તો એ શુદ્ધ કેવી રીતે કરવું ? શ્રી સ્વામિનારાયણ ભગવાન એનો ઉપાય બતાવે છે.

રાગ, દ્વેષ ને બધું અંદર અંતઃકરણમાં છે, અમૅરિકાવાળા જોડે વાત કરે, પણ બે જણા બાજુબાજુમાં બેઠા હોય તોય બોલે નહીં, બાજુવાળા જોડે વાત ના કરે, એના માટે એટલો દ્વેષ હોય, એના માટે એટલો બધો ક્લેશ હોય એટલે વાત ના કરે.

જીસસ ક્રાઈસ્ટે બ્રહ્મસૂત્ર આપ્યું કે, 'તમે તમારી જાતને જેટલો પ્રેમ કરો છો એટલો તમારા પાડોશીને પ્રેમ કરો.' કારણ કે, મોટે ભાગે અથડામણ પાડોશી સાથે, સાથે કામ કરનારા સાથે, એકસરખા લૅવલના માણસો સાથે થાય. એવું શાથી થાય છે? અંતઃકરણમાં રાગ–દ્વેષ છે એટલે. રાગ એટલે પોતાપણું–મારાપણું અને દ્વેષ એટલે એનાથી તિરસ્કાર. પોતાનું છે એના વિશે પ્રેમ થાય અને જેના વિશે પ્રેમ નથી–દ્વેષ છે એના વિશે તિરસ્કાર થાય. પ્રેમ પણ નકામો છે ને તિરસ્કાર પણ નકામો છે. પ્રભુનો ભાવ અંતઃકરણ શુદ્ધ થાય તો થાય. એના માટે કોઈ દવા શોધાઈ નથી. એ દવા આપણને આપણા ભગવાનના અવતારોએ, સંતોએ બતાવી કે, 'ઇન્દ્રિયોની જે ક્રિયા છે તેને જો શ્રીકૃષ્ણ ભગવાન ને એમના ભક્તોની સેવાને વિશે રાખે તો અંતઃકરણ શુદ્ધ થાય છે.' એટલે આપણે શેના માટે આવ્યા છીએ ? અંતઃકરણને શુદ્ધ કરવા માટે આવ્યા છીએ.

આપણે બધા એમ જાણીએ કે, આપણે મંદિરની સેવા કરીએ છીએ, મંદિરમાં દાન કરીએ છીએ, શ્રમયજ્ઞ કરીએ છીએ. ના ! એ સેવાઓ દ્વારા પ્રભુની પ્રસન્નતા પ્રાપ્ત થતાં આપણે આપણું અંતઃકરણ ચોખ્ખું કરીએ છીએ. કોઈ હૉસ્પિટલમાં દાખલ થાય તો ફી આપે છે. તો એમ કહે કે, દવાખાનામાં દાન કર્યું ? ના. આપણને જે દુઃખી કરે છે, દેહમાં જે દુઃખ ઉત્પન્ન કરે છે એવા રોગો ટાળવાની હૉસ્પિટલમાં ફી આપીએ છીએ. એમ જીવને જે ગૂંગળામણ કરાવે છે, સાચું સુખ લેવા નથી દેતા, એવા દેહમાં રહેલા સૂક્ષ્મ દેહના ભાવો, ઇન્દ્રિય–અંતઃકરણના ભાવો; એ શુદ્ધ કરવાની જગ્યા એ મંદિરની સેવા અને સાધુ–સંતોની આજ્ઞા છે.

આપણે અહીં મંદિરમાં આવીએ છીએ એ મોટું કામ કરીએ છીએ. નાની-મોટી સેવા કરો, તે સેવા પ્રભુને રાજી કરવાના ભાવથી કરવાની. “ધન્ય ભાગ્ય ! ધન્ય ઘડી ! ઠાકોરજી જે જગ્યાએ બિરાજમાન થવાના છે, જ્યાં સંતો હરે-ફરે છે એવી તીર્થભૂમિમાં આપણને કંઈક સેવા કરવાની ભગવાને તક આપી, આપણે ધન્ય થઈ ગયા !” એવા અહોહોભાવે, સમર્પણભાવે સેવા કરીએ તો ભગવાન રાજી થાય અને ભગવાન રાજી થાય તો રાગ-દ્વેષ ટળી જાય ને અંતઃકરણ ચોખ્ખું થાય; એટલે સુખિયા થઈએ. આ કરાવવા સંતો શ્રમયજ્ઞ કરાવે છે.

અશ્વિનભાઈ, શાંતિભાઈ અને આ સદ્‌ગુરુ સંતો આપણા ઉપર રાજી છે. રાજી છે એટલે આપણને સુખિયા કરવા છે અને સુખિયા કરવા માટે જ આપણા ઇન્દ્રિય-અંતઃકરણના ભાવો શુદ્ધ થાય એવી પ્રવૃત્તિમાં આપણને જોડે છે. એમને આપણી પાસે કામ નથી કરાવી લેવું, યાદ રાખો ! પણ આપણા ઉપર ભગવાન ને સાધુઓ રાજી થયા છે એટલે આટલી મોટી દુનિયામાં આપણને જ સિલૅક્ટ કરીને બોલાવ્યા એ આપણા ઉપર કૃપા કહેવાય ! તો અહોહોભાવે, આનંદપૂર્વક ટીમસ્પિરિટથી, હળીમળીને, એકમના થઈને, નિર્દોષભાવે સેવા કરવી.

યોગીબાપા કહે, ‘કોઈ બેસી રહે તો આપણે એમ માનવાનું કે, એ સેવા કરીને આવ્યા છે, મારે સેવા કરવાની છે.’ એ નિર્દોષભાવ ! બીજાનું જોવાનું નહીં, ભગવાનને રાજી કરવાના ભાવથી પોતે કરવાનું. ધન્ય ભાગ્ય, ધન્ય ઘડી, આ સેવા મને મળી ! ભગવાન ને સંતોએ આપણા પર બહુ મોટી કૃપા કરી ! એવા અહોહોભાવે સેવા કરો તો એ સેવાથી ભગવાન રાજી થાય. અંતરથી રાજી થાય તો રાગ-દ્વેષ, અંતઃકરણની જે અશુદ્ધિઓ છે એ ટળી જાય, ઓગળી જાય ને આપણે સુખિયા થઈએ, બધા ભાવો ઓગળી જાય, યાદ રાખો !

અમને બધાને બાપાએ સેવાઓ કરાવી, કરાવીને અમારા અંતરમાંથી સંસાર ખેરવી નાખ્યો. અમે બધા યુવાન હતા ત્યારે ઝાડ રોપ્યાં ને સેવાઓ કરી તો સંસારમાં જવાનું આળસી ગયું, સંસારમાં જવું જ નથી એવું થઈ ગયું. પણ તમે તો સંસારમાં છો, તો સંસાર દિવ્ય થઈ જશે, રાગ-દ્વેષ નીકળી જશે. રાગ-દ્વેષને લઈને કકળાટ, કંકાસ થાય છે; એ ટળી ગયું તો સુખિયા થઈ ગયા ને !

ભગવાન અને ભગવાનના ભક્તની સેવા કરવાથી બધું ટળી જાય, અનંત જન્મોનાં પાપ બળીને ભસ્મ થઈ જાય, વિચાર કરો તમે ! લોકો પાપ નાશ થાય એટલે ગંગામાં ડૂબકી મારે છે, જાત્રાઓ કરે છે. પણ, સ્વામિનારાયણ ભગવાન કહે, સાચી જાત્રા જ આ છે, ભગવાન ને સત્પુરુષની આજ્ઞાથી ભગવાન ને ભગવાનના ભક્તોની સેવા કરો તો અંતઃકરણ શુદ્ધ થાય અને જીવને અનંત જન્મોનાં જે પાપ વળગ્યાં છે તે બળીને ભસ્મ થઈ જાય, પાપનો નાશ થઈ જાય.

**જો ઇન્દ્રિયોની વૃત્તિઓને સ્ત્રીઆદિકના વિષયમાં પ્રવર્તાવે છે તો એનું અંતઃકરણ ભ્રષ્ટ થાય છે અને કલ્યાણના માર્ગ થકી પડી જાય છે.**

વૅકેશનમાં લોકો પાસે જો પૈસા હોય તો બૅન્ગકોક, સિંગાપૉર કે યૂરોપ ફરવા જાય. જગતનાં ચીજ, વસ્તુ પદાર્થમાં સુખ માને એટલે તેઓ અંતઃકરણ ભ્રષ્ટ કરીને આવે. જ્યારે અહીંયાં-મંદિરે આવો તો અંતઃકરણ શુદ્ધ થાય. બેઉમાં ફરક પડી ગયો ને !

**માટે શાસ્ત્રમાં જે રીતે વિષય ભોગવ્યાનું કહ્યું છે તેવી રીતે નિયમમાં રહીને વિષયને ભોગવવા, પણ શાસ્ત્રની મર્યાદાને ઉલ્લંઘન કરીને ભોગવવા નહીં. અને સાધુનો સંગ રાખવો અને કુસંગનો ત્યાગ કરવો.**

જોયું ? સાધુનો સંગ રાખવો. ભગવાન કહે, તમે સંસારમાં છો, એટલે ખાવું-પીવું, હરવું-ફરવું, બહાર જવું પડે પણ; જગતવાળા જાય અને તમે જાવ એમાં મર્યાદામાં ફરક પડી જાય. આપણે બહાર જઈએ તોય મર્યાદામાં રહીએ, ધર્મ-નિયમની, ખાવા-પીવાની, જોવાની, કામ કરવાની આપણને મર્યાદા હોય. ભગવાને આપેલા નિયમોની મર્યાદા રાખવાની. સંસારમાં ફરો, કાર્ય કરો એની ભગવાન ના નથી પાડતા.

જીવને જે ગૂંગળામણ કરાવે છે,
સાચું સુખ લેવા નથી દેતા,
એવા દેહમાં રહેલા સૂક્ષ્મ દેહના ભાવો,
ઇન્દ્રિય-અંતઃકરણના ભાવો ;
એ શુદ્ધ કરવાની જગ્યા એ મંદિર
અને સાધુ-સંતોની આજ્ઞા છે.





**અહોહોભાવે, સમર્પણભાવે સેવા કરીએ તો ભગવાન રાજી થાય અને ભગવાન રાજી થાય તો રાગ-દ્વેષ ટળી જાય ને અંતઃકરણ ચોખ્ખું થાય; એટલે સુખિયા થઈએ.**

સારામાં સારી ગાડી વાપરો, પણ ગાડીમાં મૂર્તિ મૂકો એટલે કોઈ એમાં સિગારેટ પણ ના પીવે ને આડીઅવળી વાતો પણ ના કરે. આમ, ભગવાને આપેલા નિયમ-ધર્મની મર્યાદામાં રહીને જગતમાં બધું ભોગવો, ભગવાન એના દુશ્મન નથી. ભગવાનને આપણને સુખિયા કરવા છે. ઈન્દ્રિય-અંતઃકરણના ભાવોને પરિવર્તિત કરી, ચોખ્ખા કરી, શુદ્ધ આનંદ ને શુદ્ધ સુખ આપણને આપવાં છે. એ માટે ભગવાને કહ્યું કે, 'સાધુનો સંગ રાખવો.' 'સાધુ' એટલે જેણે ભગવાનને રાખ્યા છે, ભગવાનને સાધ્યા છે, ભગવાનમાં રહે છે, ભગવાનને ગમે એવું જીવન જીવે છે, અને એમના સંબંધવાળા-આપણને સૌને પણ એવું જીવન જીવવાની રીત સમજાવે છે; એવા સાધુના સંગમાં રહેવાથી ભગવાન સન્મુખ જવાય છે.

કુસંગ. એનાથી વિરુદ્ધનો સંગ. અમહિમા, ભાવફેર, માથાકૂટ, વ્યસન, કુસંગમાં પડેલા માણસોનો સંગ આપણને એક, બે, ત્રણ કે ચાર દિવસના અંતે એમના જેવા આપણને બનાવી દે. આવી વ્યક્તિઓનો આપણે અભાવ નથી લેવો પણ, એમના સંગમાં રહેવાય નહીં, એમની દોસ્તી કરાય નહીં. ધંધા માટે કે કામકાજ હોય તો મળીએ, ધંધા પૂરતી એની વાત માનીએ; પણ બીજી કોઈ વાત મનાય નહીં, એ કુસંગ કર્યો ના કહેવાય. 'કુસંગ કર્યો' એટલે એવાની વાત વિશ્વાસ રાખીને માનીએ એ; એવું નહીં કરવાનું. ભગવાનના સાધુનો ને ભક્તોનો જ સંગ, તો આવી સેવા કરવાથી ઈન્દ્રિયો-અંતઃકરણ શુદ્ધ થઈ જશે.

**અને જ્યારે એ કુસંગનો ત્યાગ કરીને સાધુનો સંગ કરે છે ત્યારે એને દેહને વિષે જે અહંબુદ્ધિ છે તે નિવૃત્તિ પામે છે અને દેહનાં સંબંધીને વિષે જે મમત્વબુદ્ધિ છે તે નિવૃત્તિ પામે છે.**

જોયું ! મોટા ભાગના માણસોને દેહબુદ્ધિ - 'આ મારો દેહ છે' એવો ભાવ હોય છે. આપણો જ દેહ છે પણ, એને કોઈ 'ડોબા' જેવો કહે કે તો તરત સામે જવાબ આપી દઈએ છીએ, બોલવા માટે વિચાર નથી કરવો પડતો. દેહને વિશે એટલી બધી અહંબુદ્ધિ છે કે, એની રાખ-રખાવટ કરવી, એને સાચવવો ને દેહનાં સંબંધીને વિશે મમત્વબુદ્ધિ-મારાપણાનો ભાવ - મારી ગાડી, મારું ઘર, મારાં પત્ની, મારાં છોકરાં, મારા કાકા, મારા મામા, મારા સાળા - આવું બધું મારું, મારું, મારું રહે છે. મમત્વબુદ્ધિ એટલે દેહનાં સંબંધવાળાંને વિશે મારાપણાની બુદ્ધિ. અને દેહનાં વખાણ કરો તો ખુશ થાય, અહંકારને પોષણ મળે ત્યાં ખુશ થાય, અહંકારનું ખંડન થાય ત્યાં દુઃખી થાય અથવા ગુસ્સે થાય; એ દેહને વિશે અહંબુદ્ધિ. અહંબુદ્ધિ ને દેહસંબંધી મમત્વબુદ્ધિ, એ ટાળવી બહુ અઘરી છે; પણ, સ્વામિનારાયણ ભગવાને કહ્યું, સાધુનો સંગ કરીએ અને એ સાધુને પોતાનો આત્મા માનીને, એમના વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ થાય તો દેહને વિશે અહંબુદ્ધિ ટળી જાય. કેટલો સહેલો ઉપાય ભગવાન બતાવે છે !

એવા સાધુને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ કરો, એમના વિશે હેત કરો. ના થતો હોય તો ધૂન-પ્રાર્થના કરીએ તો થઈ જાય. કોઈ સંત દાદ ના આપતા હોય તો, ભજન, પ્રાર્થના કરીને પણ આપણા બનાવી દેવા. એમનું ગમતું કરીને, એમની સેવા કરીને એમને રાજી કરી દેવા. આ મંદિરનું કામકાજ ચાલે છે, એમાં તમે સેવામાં આવ્યા છો. તમને સેવા કરતાં જોઈને સત્પુરુષ ખુશ થઈ જાય. ખુશ થાય એટલે આપોઆપ આપણા માટે એમને હેત, પ્રેમ થાય. બસ, સત્પુરુષને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ થાય એટલે અહંબુદ્ધિ ને મમત્વબુદ્ધિ ઓગળી જાય, યાદ રાખો! એ માટે બીજો કોઈ ઉપાય નથી, બીજી કોઈ દવા નથી. એટલે અત્યારથી સાધુને વળગી પડવું.

અહંબુદ્ધિ નિવૃત્તિ પામે છે, એટલે 'મારું મારું' કરતા હતા તેને બદલે બધું ભગવાનનું છે, મારું કાંઈ નથી તેવું થઈ જાય. કોઈ કહે કે, અહોહો, તમારી ગાડી સરસ છે ! તો કહે ? 'ભગવાનની છે.' કોઈ કહે, 'અહોહો, તમે ઘરેણાં સરસ પહેર્યાં છે.' તો કહે, 'ભગવાનનાં છે.' ઘરેણાં પહેરવાનાં આપણે જ છે, ગાડી વાપરવાની આપણે જ છે, પણ, 'મારું' ટળી જાય ને 'ભગવાનનું' છે તેમ થઈ જાય તો ગાડીને કશું થાય અથવા તો ઘરેણું પડી જાય અથવા ઘરેણું સેવામાં આપી દો તો દુઃખ થાય નહીં. કારણ કે, ભગવાનનું છે ને ! અહંબુદ્ધિ ને મમત્વબુદ્ધિ દુઃખ

કરાવે છે. પણ, ભગવાનનું છે તેવું જો મનાઈ જાય તો ભગવાનને અર્થે વાપરવામાં, ભગવાનને અર્થે સમર્પિત કરવામાં કદી દુઃખ થાય નહીં, ઊલટાની ખુશી થાય. લાખ્ખો રૂપિયા, કરોડો રૂપિયા કેટલી મોટી રકમ છે! અને કેટલી બધી મહેનત કરે ત્યારે પૈસા ભેગા થાય. સોનું કેટલું મોંઘું છે? કેટલા બધા પૈસા ખર્ચે ત્યારે સોનું ખરીદાતું હોય છે. પણ એ ભગવાનની સેવામાં આપવામાં ખુશી થાય. ખુશી થાય એ મમત્વબુદ્ધિ છૂટી ગઈ એનું લક્ષણ છે. તમે હજારો-લાખ્ખો રૂપિયાની સેવા કરો છો, સોનાની સેવા કરો છો, પણ આપવામાં જે આનંદ છે એ બતાવે છે કે, એના તરફની મમત્વબુદ્ધિ છૂટી ગઈ છે. છે આપણું, પણ આપણને ભગવાને આપેલું છે તો ભગવાનને ભેટ ધરવામાં આનંદ છે; એ જે ભાવ એ મમત્વબુદ્ધિ રહિતની અવસ્થાનું દર્શન છે.

આ 'વચનામૃત'માં મહારાજ કહે છે કે, ઇન્દ્રિયોની જે ક્રિયા - આ દેહથી જે કામ કરીએ એને જો શ્રી કૃષ્ણ ભગવાન અને તેમના ભક્તની સેવાને વિશે રાખીએ તો અંતઃકરણ શુદ્ધ થાય છે. આપણને ઉપરનું દેખાય છે તે સ્થૂળ દેહ છે કે જેને આપણે જોઈ શકીએ છીએ. આંખ જોવાનું કામ કરે છે, પણ સામે જે વ્યક્તિ ઊભી છે એ કોણ છે ? એનું ઇન્ટરપ્રિટેશન કરનાર અંદર બીજો સૂક્ષ્મ દેહ છે. અંદર મન, બુદ્ધિ, ચિત્ત ને અહંકાર છે; આ ચારથી સૂક્ષ્મ દેહ બનેલો છે.

બુદ્ધિ, તમે જુઓ તો સામેનો માણસ સંત છે, સેવક છે, ગાયક છે - કોણ છે? આવું બધું મગજમાં તરત ઇન્ટરપ્રિટેશન થાય છે એ બુદ્ધિ છે.

અંતઃકરણ, રાગ ને દ્વેષ. આ મારું છે-આ મારું નથી. આ મને ગમે છે-આ મને નથી ગમતું; આવી જે વિક્તિ કરે ને રાગ-દ્વેષ ઊભા કરે એ અંતઃકરણનો ભાવ છે.

મન તર્ક-વિતર્ક કરે, શંકા-આશંકા કરે. ઘણાનું મન એટલું બધું નબળું હોય કે, વાતવાતમાં તર્ક-વિતર્ક કરે અને એને લઈને ગુસ્સો કરે. અને કેવો ગુસ્સો કરે ? એ માટે યોગીબાપા એક દૃષ્ટાંત કહેતા.

એક ગામડામાં દરજી હતા. એણે કોઈ ખેડૂતના લગનનાં સરસ કપડાં સીવ્યાં એટલે તે ખેડૂતને ભાવ થયો ને એના ખેતરમાં પાકેલાં સરસ રીંગણાં થેલી ભરીને સવારે દરજીને આપ્યાં. દરજી તો આ રીંગણાં જોઈ ખુશ થઈ ગયો. દરજી રીંગણાં ઘરે આપી આવ્યા ને પત્નીને કહ્યું કે, 'ભરેલાં રીંગણાનું શાક બનાવજો.'

પછી તો દુકાને આ દરજી કપડાં સીવતો જાય ને મનમાં વિચારો કરતો જાય કે, રીંગણાં ધોયાં હશે, મસાલો તૈયાર કર્યો હશે. એમ કપડાં સીવતો જાય ને રીંગણાંનું ધ્યાન કરતો જાય. આ દરજીની જીભ ભરેલાં રીંગણાં ખાવા લપકારા મારે. ઘડિયાળમાં બાર વાગ્યા એટલે દુકાન બંધ કરી તે ઘરે ગયો. એણે હાથ, પગ, મોં ધોયાં ત્યાં સુધીમાં એની ઘરવાળીએ પાટલો ઢાળી દીધો. દરજી જમવા માટે પાટલા ઉપર બેસી ગયો ને થાળી પિરસાઈ. એને મનમાં એમ કે, ગરમાગરમ રોટલી ને રીંગણાંનું શાક ખાઈશું. પણ અહીં તો થાળીમાં બીજું શાક પિરસાયું. દરજીને એમ કે, બે શાક બનાવ્યાં હશે, એટલે એ તો રીંગણાંના શાકની રાહ જોવા લાગ્યો. એનાં ઘરવાળાં કહે, 'જમવાનું ચાલુ કરો.' ત્યારે દરજી કહે, 'કેમ, ભરેલાં રીંગણાંનું શાક ?' એની પત્ની ખાંખતવાળી હતી, એ કહે, 'તમે રીંગણાં આપ્યાં ત્યારે રસોઈ તૈયાર થઈ ગઈ હતી, એટલે મને થયું કે આવતી કાલે રીંગણાં બનાવીશું. એટલે કાલે બનાવીશ. આ સાંભળ્યું એટલે પેલા દરજીને તો ભરેલાં રીંગણાં ખાવાનો મનોમન ચણેલો આખો મહેલ તૂટી પડ્યો. દરજી તો બહુ ગુસ્સે થયા. માણસ ક્રોધમાં હોય ત્યારે શું બોલે છે એનું એને ભાન જ નથી રહેતું, વિવેક ચુકાઈ જાય છે. આ દરજી ગુસ્સે થઈને એને એટલું બધું બોલ્યો અને છેલ્લે બોલ્યો કે, 'ડોબા જેવી, આના કરતાં તો કૂવામાં પડીને મરી ગઈ હોત તો સારું થાત !' પછી તો એ દરજી હડફડ હડફડ જમીને પાછો દુકાને સીવવા પહોંચી ગયો. કલાક થયો ને એક છોકરો દોડતો દોડતો આવ્યો ને કહ્યું, 'તમારાં ઘરવાળાં કૂવામાં પડી મરી ગયાં છે.' પેલી બાઈ સ્વમાની હતી, ગુસ્સાવાળી હતી. એ ઘરેથી બેડું લઈ કૂવા પાસે ગઈ અને ધબાક દઈ કૂવામાં પડીને મરી ગઈ.

**ધન્ય ભાગ્ય, ધન્ય ઘડી, આ સેવા મને મળી !**
**ભગવાન ને સંતોએ આપણા પર બહુ મોટી કૃપા કરી !**
**એવા અહોહોભાવે સેવા કરો તો એ સેવાથી ભગવાન રાજી થાય.**
**અંતરથી રાજી થાય તો રાગ-દ્વેષ, અંતઃકરણની જે અશુદ્ધિઓ છે**
**એ ટળી જાય, ઓગળી જાય ને આપણે**
**સુખિયા થઈએ, બધા ભાવો ઓગળી જાય,**





**ભગવાન ને સત્પુરુષની આજ્ઞાથી ભગવાન ને ભગવાનના ભક્તોની સેવા કરો તો અંતઃકરણ શુદ્ધ થાય અને જીવને અનંત જન્મોનાં જે પાપ વળગ્યાં છે તે બળીને ભસ્મ થઈ જાય, પાપનો નાશ થઈ જાય.**

યોગીબાપા કહે, દરજીની કોમમાં ફરીથી લગન કરવું હોય તો પૈસા આપવા પડે. પછી મુંબઈ-રાજકોટ જેવાં શહેરમાં જઈ સીવ્યું, લોજમાં જમી, પૈસા બચાવ્યા. લગન થાય એટલા પૈસા ભેગા કરી ફરી લગન કર્યું. અને બાર વર્ષ પછી ભરેલાં રીંગણાંનું શાક ખાધું. બાપા કહે, બાર વર્ષે વઘાર બેઠો. જો દરજી શાંત રહ્યો હોત તો બીજે જ દિવસે તેને ભરેલાં રીંગણાંનું શાક મળવાનું હતું એને બદલે બાર વરસે શાકનો વેંત બેઠો.

મન : મનને પોતાનું ધાર્યું ના થાય એટલે ક્રોધ કરે. તર્ક-વિતર્ક કરે, શંકા-આશંકા કરાવે. બુદ્ધિ : ઇન્ટરપ્રિટેશન કરે, અભાવ લેવડાવે, ભાવફેર કરાવે. ચિત્ત : ખોટું ચિંતવન કરાવે. અને અહંકાર : મમત્વભાવ; આ બધા ભાવોને લઈને માણસ દુઃખી થાય છે. એને શુદ્ધ કરવા છે. એને તમે શુદ્ધ ક્યાં કરશો ? કોઈ બે-પાંચ હજાર રૂપિયા ફી લેતા હોય એવા મોટા સ્પેશ્યાલિસ્ટ ડૉક્ટર પાસે જજો. ત્યાં જઈને કહેવાનું કે, 'મને ક્રોધ બહુ ચઢે છે, એની દવા આપોને.' ડૉક્ટર તમારી સામે જોઈ રહેશે. એ વિચારશે કે, આ ગાંડો માણસ લાગે છે. ક્રોધની દવા હોય ? માનની દવા હોય ? મૅડિકલ સાયન્સ પાસે આની કોઈ દવાઓ છે નહીં અને મળશે પણ નહીં. એ દવાઓ ભગવાને આપણને આપી છે, પણ એનો ઉપયોગ કરતા નથી એટલે માણસો દુઃખી છે.

આ બધું શુદ્ધ કરવું છે ? આપણે અહીંયાં ઇન્દ્રિયો-અંતઃકરણનું શુદ્ધિકરણ કરવા તો આવ્યા છીએ. સ્વામિનારાયણ ભગવાને આનો ઉપાય બતાવ્યો કે, 'ભગવાન ને ભગવાનના સાધુના વચને તમે ઇન્દ્રિય-અંતઃકરણથી સેવા કરો તો અંતઃકરણ શુદ્ધ થઈ જાય. રાગ, દ્વેષ ટળી જાય.' એટલા માટે સ્વામિનારાયણ ભગવાને મંદિરોની પ્રવૃત્તિ શરૂ કરી, સમૈયા-ઉત્સવ કર્યા, આપણને બોલાવ્યા ને સેવામાં જોડ્યા. સેવામાં શેના માટે જોડ્યા ? એમને મંદિરો કરવાં હતાં ? એમને સમૈયા-ઉત્સવ કરવા હતા ? એમને પોતાની વાહવાહ બોલાવવી હતી ? ના. આપણા ઇન્દ્રિયો, અંતઃકરણના ભાવોને શુદ્ધ કરી - ચોખ્ખા કરી, આ ને આ દેહે આપણને સુખિયા કરવા છે. અને એ કરવા માટે આ ઉપાય કર્યો છે શ્રમયજ્ઞ. મહારાજ પોતે શ્રમયજ્ઞ કરતા, યોગીબાપા પોતે શ્રમયજ્ઞ કરતા ને આપણને એ માર્ગે દોર્યા. સંતોના વચને તમે બધા શુદ્ધ થવા આવ્યા છો.

ભગવાનના સંકલ્પે, સંતોની પ્રાર્થનાથી, તમારા બધાના સાથ-સહકારથી મંદિર થશે, પણ એની સાથે સાથે આપણે પણ મંદિરરૂપ થવું છે, અંદરથી શુદ્ધ થવું છે. એ શુદ્ધ થવા માટે આપણું ધન, આપણી આવડત, હોશિયારી, આપણી શારીરિક શક્તિઓ જેટલી વપરાશે એટલા આપણે શુદ્ધ થતા જઈશું. અને અનંત કાળનાં - એક-બે દિવસનાં નહીં, પણ અનંત જન્મોનાં પાપ જે જીવને વળગ્યાં છે, તેનો નાશ થઈ જશે.

ભગવાન કહે, ભગવાનના ભક્ત - સાધુ-સંત હોય કે ગૃહસ્થ હોય, તેમણે ખાવા-પીવામાં ધ્યાન રાખવાનું, વાતચીતમાં ધર્મની મર્યાદામાં રહીને - નિયમમાં રહીને બધું કરવાનું. 'હું ભગવાનનો છું ને ભગવાન મારા છે, હું સાધુનો છું ને સાધુ મારા છે.' આપણે કોના આશ્રિત છીએ ? કોના હેતવાળા છીએ ? તેનું જાણપણું હોય તો એમનું શોભે, એમની સુવાસ પ્રસરે, એમનું સારું દેખાય એવું જીવન જીવવાનો આલોચ આપોઆપ રહેશે. એટલે સાધુનો સંગ રાખવો અને કુસંગનો ત્યાગ કરવો. આપણને સાધુથી દૂર લઈ જાય, આજ્ઞા ના પાળવા દે, ભજન-પ્રાર્થના ના કરવા દે, અમહિમા-માથાકૂટ-ખટપટ કરે એવાનો સંગ ના રાખવો; એ કુસંગ કહેવાય. સાધુને વિશે આત્મબુદ્ધિ ને પ્રીતિ - 'હું તમારો ને તમે મારા' એવું થાય તો દેહને વિશે મારાપણાનો જે ભાવ છે, અહંકાર છે એ નિવૃત્તિ પામે છે. દેહનાં સંબંધીને વિષે જે મમત્વબુદ્ધિ છે, એ પણ નિવૃત્તિ પામે છે. સુખિયા થઈ ગયા લ્યો !

**અને ભગવાનને વિષે અસાધારણ પ્રીતિ થાય છે અને ભગવાન વિના અન્યને વિષે વૈરાગ્ય થાય છે.**

વૈરાગ્ય એટલે ભગવાન ને ભગવાનના ભક્ત સિવાય કોઈનો ભાર ના પડે. કંઈ પણ હોય તો ભગવાન શું કહે છે ? એ વધારે અગત્યનું છે. જગતને જે કહેવું હોય તે કહે, પણ મારા પ્રભુ કહે છે એ મારા માટે સવા સો; એટલે ભગવાન અને ભગવાનના સાધુ સિવાય કોઈનો ભાર ના પડે એવો વૈરાગ્ય પ્રગટી જાય છે.

સહજાનંદ સ્વામી મહારાજની જય ! ◆